ગ્રામ / નગર પંચાયતોના
મહેકમ ખર્ચની મર્યાદામાં વધારો
કરવા બાબત....

---

ગુજરાત સરકાર,
પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : નપમ/૧૬૯૧/૪૬૭/ક,
સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૧૪-૯-૧૯૯૩.

વંચાણમાં લીધો : ભૂતપૂર્વ મુંબઈ રાજ્યના સ્થાનિક સ્વરાજ્ય અને આરોગ્ય વિભાગનો તા.૨૦-૬-૧૯૫૩ નો પરિપત્ર ક્રમાંક : ૫૧૭૪(૧૦)

## :: ઠ રા વ ::

આમુખમાં દર્શાવેલા તા. ૨૦-૬-૧૯૫૩ ના પરિપત્રથી ગ્રામ પંચાયતો કરદાતાઓને પૂરતી સગવડો પૂરી પાડી શકે તે માટે તેમના કર્મચારીઓના પગાર અને ભથ્થા પાછળ રાજ્ય સરકાર તરફથી મળતા અનુદાન ( જો કોઈ હોય તો ) સહિતની તેમની આવકના ત્રીજા ભાગ કરતાં વધારે ખર્ચ કરે નહીં તેમ ઠરાવવામાં આવેલું છે.

૨/-. ઉપરોક્ત હુકમો બહાર પડ્યા બાદ રાજ્ય સરકારના કર્મચારીઓના પગાર ધોરણો તા.૧-૧૦-'૬૧, ૧-૬-'૬૭, ૧-૧-'૭૩ અને ૧-૧-'૮૬થી સુધારવામાં આવેલા છે અને ગ્રામ / નગર પંચાયતોએ પણ તેમના કર્મચારીઓના પગાર ધોરણો ઉપર પ્રમાણે સુધારેલા છે. આમ પગાર ધોરણો સુધરવાને કારણે તથા મોંઘવારી ભથ્થાના દરોમાં વખતોવખત કરવામાં આવેલ વધારાને કારણે ગ્રામ / નગર પંચાયતોએ નિભાવવામાં આવતાં મહેકમના ખર્ચમાં સારા એવા પ્રમાણમાં વધારો થવા પામેલ છે અને તેથી ઉપર દર્શાવેલ મહેકમ ખર્ચની મર્યાદા જાળવવી મુશ્કેલ બની છે. આ બાબતને લક્ષમાં લઈને ઉપર દર્શાવેલ તારીખ : ૨૦-૬-૧૯૫૩ ના હુકમો રદ કરીને નીચે મુજબના હુકમો બહાર પાડવાનું આથી ઠરાવવામાં આવે છે.

..૨..

(૧) ગ્રામ / નગર પંચાયતોના મહેકમ પાછળના ખર્ચની મર્યાદામાં વધારો કરીને સરકાર તરફથી મળતા અનુદાન સહિતની તમામ આવકના ૪૫ % નક્કી કરવામાં આવે છે. આ હેતુ માટે છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ આવક લક્ષમાં લેવાની રહેશે.

(૨) ઉપર દર્શાવેલ મર્યાદા કરતાં હાલના મહેકમનો ખર્ચ વધી જતો હોય તો પંચાયતે તેના મહેકમમાં યોગ્ય પ્રમાણમાં ઘટાડો કરીને ૪૫ % ની મર્યાદામાં ખર્ચ થાય તે પ્રમાણે આયોજન કરવાનું રહેશે અથવા હાલના મહેકમનો ખર્ચ પેટા ફકરા-૧ માં જણાવેલ કુલ આવકના ૪૫ % મર્યાદામાં આવે તે પ્રમાણે આવક વધારવાના પગલાં લેવાના રહેશે.

(૩) ઉપર જણાવ્યા પ્રમાણેની કાર્યવાહી આ હુકમો થયાની તારીખથી એક વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે અને જો ઉપર દર્શાવ્યા મુજબ ખર્ચની મર્યાદા જળવાતી ન હોય તો હાલની ખાલી જગ્યાઓ ભરવાની રહેશે નહીં અને તેમ છતાં જગ્યાઓ ભરવામાં આવશે તો તેની જવાબદારી જગા ભરવા માટે મંજુરી આપનાર તમામ સભ્યોની સંયુક્ત રહેશે અને તેવા કિસ્સામાં તેમની સામે ગુજરાત પંચાયત અધિનિયમ ની કલમ-૩૯૭ હેઠળ પગલાં લેવાના રહેશે.

૩/-. ઉપર જણાવ્યા મુજબ એક વર્ષની મર્યાદા પુરી થયાબાદ ગ્રામ પંચાયતના કિસ્સામાં તાલુકા વિકાસ અધિકારીશ્રીએ અને નગર પંચાયતના કિસ્સામાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ પંચાયતોના મહેકમ માળખા અને મહેકમખર્ચની સમીક્ષા કરવાની રહેશે અને યોગ્ય પગલાં લેવાના રહેશે.

૪/-. આ હુકમો આ વિભાગની ફાઈલ ક્રમાંક : નપમ/૧૬૯૧/૪૬૭/ક ઉપર નાણાકીય સલાહકારશ્રીની તા. ૧૭-૨-૧૯૯૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( રમણ આર્ય )
ઉપસચિવ,
પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ.

..૩..

: ૩ :

પ્રતિ,

૧. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.

૨. વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

૩. નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબો, અમદાવાદ.

૪. સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકો, સ્થાનિક ભંડોળ હિસાબ.

૫. સચિવાલયના સર્વે વિભાગ ( પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ સિવાય)

૬. નાણાંકીય સલાહકારશ્રી, પં.અને ગ્રા.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૭. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

૮. સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.

૯. પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગની સર્વે શાખાઓ ( ક-શાખા સિવાય )

૧૦. સીલેકટ ફાઈલ.